


ભારત નું શ્રેષ્ઠ ગ્રામ પંચાયત નો એવોર્ડ પ્રાપ્ત કરનાર સાબરકાંઠા જિલ્લા ના પુંસરી ના વિકાસ માં સિહ ફાળો આપનાર જિલ્લા પંચાયત ના શિક્ષણ સમિતિનાં પૂર્વ ચેરમેન નટુભાઈ ચૌધરી ની પુંસરી ખાતે ની પ્રતિમાને સંવેદના ચેરીટેબલ ટ્રસ્ટ ના ચેરમેન નરેન્દ્ર પટેલ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી આપ્રસંગે ગામ ના આગેવાનો ઉપસ્થિત રહી નટુકાકા ના કાર્યો ને વાગોળ્યા હતા.

### વર્ષે કરોડોનો ટેક્ષ ઉઘરાવવા છતાં ઉબડ ખાબડ રોડ

# બાયડ-કપડવંજ હાઈવે ઉપર એજન્સીએ ડામર પાથર્યાના ૨૪ કલાકમાં મેટલ ઉખડવા લાગી

## બેદરકાર દિલીપ બિલ્કોન કંપની સામે વાહન ચાલકો, વેપારીઓમાં રોષ

બાયડ, તા.૩૧

બાયડ-મોડાસા-ધનસુરા-કપડવંજ હાઈવે ઉપર વર્ષે કરોડોનો ટેક્ષ ઉઘરાવતી એજન્સીએ ઉબડ ખાબડ રોડ ઉપર બાયડ-કપડવંજ હાઈવેમાં ડામર પાથર્યાના ૨૪ કલાકમાં મેટલ ઉખડવા લાગતાં નબળી કામગીરી સામે વાહન ચાલકો અને વેપારીઓનો રોષ સામે આવ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા આ મુદ્દે નડીયાદ ડીવીઝન સામે કાર્યવાહી કરવી જોઈએ તેવી લોકમાંગ પ્રવર્તિ રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર મોડાસા-બાયડ-કપડવંજ રોડનું નવીનીકરણ પી.પી.પી.ના ધોરણે કરાવવામાં આવ્યું હતું. જેના કારણે જિલ્લાની પ્રજા ફોરલેન માર્ગ અને બાયપાસથી



વંચિત રહી ગઈ છે. સદર માર્ગ ઉપર ટ્રાફીક સમસ્યા એટલી હદે વિકરાળ બની છે કે પ્રજાએ હવે શહેરી વિસ્તારમાં જવું હોય તો પગપાળા કાં તો દ્વિ-ચક્રી વાહનનો ઉપયોગ કરી રહ્યા છે. મોડાસા થી નડીયાદના ૧૦૮ કી.મી. લાંબા માર્ગ ઉપર ઠેર ઠેર ખાડા અને રોડ ઉબડ ખાબડ બની ગયા પછી દિલીપ બિલ્કીન એજન્સી દ્વારા ઉબડ ખાબડ મટીરીયલ્સ હટાવી લીધું હતું અને છેલ્લા ૨ દિવસથી બાયડના મુખ્ય માર્ગમાં ડામરકામ શરુ કરાતાં પ્રજા અને વેપારીઓમાં ખુશાલી જોવા મળી. હવે જોખમી માર્ગમાંથી મુક્તિ મળી તેવો સંતોષ માન્યો પરંતુ માત્ર ગણતરીના કલાકોમાં જ ડામરમાંથી મેટલ ઉખડવા લાગતાં કામગીરી સામે વ્યાપક રોષ જોવા મળી રહ્યો છે. વાત્રક ટોલનાકા ઉપર વાહન ચાલકો પાસેથી દર વર્ષે રુ ૩૦ કરોડથી વધુનો ટેક્ષ ઉઘરાવતી એજન્સી વાહન ચાલકો અને પ્રજાને સારો રોડ આપવામાં નિષ્ફળ ગઈ છે ત્યારે જિલ્લા વહીવટી તંત્રએ પણ હવે કાર્યવાહી કરવાનો સમય પાકી ગયો છે.

### ખાસ વસુલાત અધિકારી બદલાયા પછી નિયુક્તિ નહીં કરવા પાછળ સેટીંગની આશંકા

# ગાબટ સેવા મંડળીના રૂા.૨ કરોડના ઉચાપત કૌભાંડમાં ૫ વર્ષ પછી પણ વસુલાત અદ્ધરતાલ

## સેક્રેટરીની મિલ્કતો વેચવા ઉપર સ્ટે છતાં વસુલાત કેમ થતી નથી ? : જિલ્લો બદલાયાના ૧૦ વર્ષ પછી પણ કોના ઈશારે તપાસ લટકી ?

બાયડ, તા.૩૧

બાયડ તાલુકાની ગાબટ સેવા મંડળીમાં ૨,૦૩,૨૭,૮૮૦નું મહાઉચાપત



કૌભાંડ બહાર આવ્યાના એક દાયકા પછી પણ ગોકળ ગાયની ગતિએ વસુલાતની કામગીરી ચાલી રહી છે. વર્ષ-૨૦૧૮માં ઉચાપતની જવાબદારી ફિક્સ કર્યા પછી સેક્રેટરીની તમામ મિલ્કતો ટાંચમાં લેવામાં આવી છે પરંતુ હજુ પણ વસુલાત અદ્ધરતાલ હોવાનું અને તેની પાછળ ખાસ વસુલાત અધિકારી બદલાયા પછી કોઈ નિયુક્તિ થઈ નથી તેવી વિગત સામે આવતાં તેના પાછળ પણ મોટા સેટીંગની આશંકા સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર તાલુકાની ગાબટ સેવા મંડળીમાં વર્ષ-૨૦૧૩માં કરોડોનું ઉચાપત કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. જ્યારે ૯ સભાસદો મૃત્યુ પામ્યા છતાં તેમના નામે ધિરાણ ઓળવી લેવામાં આવ્યું હતું અને ત્યાર પછી તપાસ દરમ્યાન રુ ૨.૦૩ કરોડનું ઉચાપત કૌભાંડ પ્રકાશમાં આવતાં મંડળીના સેક્રેટરી વિઠ્ઠલ અંબાલાલભાઈ પટેલ સહિત કમીટી સામે ઉચાપતનો કેસ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ સહકારી કાયદાની કલમ-૯૩ હેઠળ તમામ કમીટી સભ્યો અને સેક્રેટરીને ૨૯ જુલાઈ-૨૦૧૩ના રોજ હાજર રહેવા નોટિસ આપી નાણાકીય ગેરરીતી અને મંડળીને થયેલ નુકસાનની જવાબદારી ફિક્સ કરવા તેડાવ્યા હતા. ત્યારબાદ બોર્ડ ઓફ નોમિનિઝનો હુકમનામું થયા પછીસેક્રેટરી વિઠ્ઠલભાઈ પટેલ પાસેથી ઉચાપતની રકમ વસુલાતનો નિર્ણય થયો હતો. કલમ-૯૬ મુજબ દાવા દાખલ કર્યા હોવાથી વસુલાત કરવા માટે કાર્યવાહી હાથ ધરાઈ હતી પરંતુ તે અગાઉ સહકારી કાયદાની કલમ-૯૩ હેઠળ તપાસ ફાઈલ કરવામાં આવી હતી. ત્યારે કરોડોના ઉચાપત કૌભાંડમાં જિલ્લા રજીસ્ટ્રાર કચેરી પણ સંડોવાયેલી હોય તે રીતે વર્ષ-૨૦૧૬માં ધીમા પગલે તપાસ શરુ થઈ અને વર્ષ-૨૦૧૮માં જવાબદારી નક્કી કરવામાં આવી અને તેમાં સેક્રેટરીની જે પણ મિલ્કત હોય તેમાંથી ઉચાપત કરેલી રકમ વસુલવાનો નિર્ણય લેતાં બોર્ડ ઓફ નોમિનિઝ કોર્ટ મહેસાણા દ્વારા સેક્રેટરીની માલિકીની તેમજ સંયુક્ત ખાતેદાર હોય તેવા અંદાજીત ૨૦ જેટલા સર્વે નંબરની અંદાજીત રુ ૧.૫૦ કરોડની સંપત્તિ ટાંચમાં લેવામાં આવી છે અને હજુ રુ ૫૦ લાખ જેટલી સંપત્તિ ટાંચમાં લેવાની બાકી છે ત્યારે આશ્ચર્ય વચ્ચે ખાસ વસુલાત અધિકારીની લાંબા સમયથી નિયુક્તિ થઈ નથી જેથી ઉચાપતની રકમ વસુલ કરવામાં આવતી નથી તેવા લૂલા જવાબો અરવલ્લી જિલ્લા રજીસ્ટ્રાર કચેરીમાંથી મળી રહ્યા છે. અખંડ સાબરકાંઠા વખતે ગાબટ સેવા મંડળીમાં કરોડોનું ઉચાપત કૌભાંડ બહાર આવ્યું ત્યારે તપાસમાં જે તે સમયના જિલ્લા રજીસ્ટ્રાર રમેશભાઈ આસોડીયાની નબળી કામગીરી સામે આક્રોશ જોવા મળ્યો હતો. વિલંબથી ફરિયાદ થઈ અને સમગ્ર ઉચાપત પ્રકરણના ૧૩ વર્ષ પછી પણ ઉચાપત કૌભાંડની તમામ રકમ વસુલવામાં આવી નથી તેના ઉપરથી સહકાર વિભાગમાં સહકારથી જ મોટું ઉચાપત કૌભાંડ છાવરવાનું ષડયંત્ર ચાલતું હોવાનું જણાઈ રહ્યાં છે.

**સાબરકાંઠા બેંક કેમ વસુલાત અધિકારી નિયુક્ત કરતી નથી ?**

સાબરકાંઠા બેંક મારફતે જે તે સેવા મંડળીઓમાં ઉચાપત થઈ હોય ત્યાં વસુલાત માટે ખાસ વસુલાત અધિકારીની નિયુક્તિ કરવાની હોય છે. બાયડ તાલુકાની ગાબટ સેવા મંડળીમાં અધધ રુ ૨.૦૩ કરોડનું ઉચાપત કૌભાંડ પ્રકાશમાં આવ્યા પછી ખેડૂતોને ધિરાણ મેળવવામાં આજે પણ મુશ્કેલી પડી રહી છે અને કરોડોનું ઉચાપત કરનારા કેટલા માલામાલ થયા તે તો સમય આવે બહાર આવશે પરંતુ વર્ષ-૨૦૧૮ પછી વસુલાત કરવા માટે વસુલાત અધિકારી નિયુક્ત ન થવા પાછળ કયુ પરીબળ જવાબદાર છે ?? તેની તપાસ થવી જ જોઈએ.

### બે જૂથ વચ્ચે અથડામણમાં મામલો થાળે પડતાં રાહત

# રાજેન્દ્રનગર ચોકડી પાસે પોલીસ ચોકી છતાં વારંવાર કથળતી કાયદો વ્યવસ્થા

## સામાન્ય વાતમાં મારામારી પર ઉતરી આવતા અસામાજીક તત્વો

બાયડ, તા.૩૧

હિંમતનગર-શામળાજી હાઈવે ઉપર કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનના તાબા હેઠળ પોલીસ ચોકી શરુ કરવામાં આવી હોવા છતાં વારંવાર અસામાજીક તત્વો મારામારી પર ઉતરી આવતા હોવાથી સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ છે. તાજેતરમાં બે જૂથ વચ્ચે અથડામણ થતાં એક જૂથના સમર્થકો વાહનો ભરીને ચોકડી ઉપર ઉતરી આવ્યા હતા અને મારો-કાપોના હલ્લાબોલના કારણે તંગદિલીનો માહોલ બે દિવસથી ઉભો થયો હતો પરંતુ સ્થાનિક આગેવાનોની સમજાવટથી મામલો થાળે પડ્યો પરંતુ ગમે ત્યારે ચોકડી ઉપર ભડકો થવાની દહેશત છે.

રાજેન્દ્રનગર હાઈવે ચોકડી ઉપર કોલેજ આવેલી હોવાથી આસપાસના ગ્રામ્ય વિસ્તારના અસંખ્ય યુવક-યુવતીઓ અભ્યાસ કરવા માટે આવતા હોય છે. જ્યારે નેશનલ હાઈવેના કારણે સવારથી મોંડી રાત સુધી વાહનોની અવર જવર રહેતી હોય છે. હમણાંથી રાજેન્દ્રનગર ચોકડી વિસ્તારમાં ધંધા-રોજગારોમાં વિકાસ સ્પષ્ટ દેખાય છે પરંતુ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તળીયે પહોંચી છે. હાઈવે ચોકડી ઉપર મોડાસા ગ્રામ્ય પોલીસ દ્વારા પોલીસ ચોકી શરુ કરવામાં આવી છે પરંતુ અસામાજીક તત્વોને પોલીસનો જરાય ડર રહ્યો નથી. સામાન્ય વાતમાં હિંસક મારામારીના બનાવો કાયમી બની ગયા છે. બે દિવસ પૂર્વે યુવાનોના બે જૂથમાં મોબાઈલમાં મૂકાયેલા સ્ટેટસમાં કોમેન્ટ કરવા મુદ્દે સ્થિતિ વણસી હતી અને એક જૂથે યુવાનને ફટકારતાં મામલો તંગ બની ગયો. જે તે સમયે ધમાલ શાંત થઈ પરંતુ બીજા દિવસે મારામારીનો બદલો લેવા માટે એક જૂથના ઈસમો વાહનો ભરી ભરીને રાજેન્દ્રનગર ચોકડી ઉપર ધસી આવ્યા હતા અને મામલો બીચકાવતાં સ્થાનિક વેપારીઓ ભયના ઓથાર હેઠળ આવી ગયા હતા. પોલીસ ચોકી સામે કાયદો વ્યવસ્થાની સ્થિતિના ટોળાએ ધજાગરા ઉડાવ્યા હોવા છતાં પોલીસ મૂક પ્રેક્ષક બની તમાશો જોતી રહી હતી. જો સ્થાનિક આગેવાનોએ સ્થિતિ પારખી મધ્યસ્થી ન કરી હોત તો હાઈવે ચોકડી ઉપર લોહીયાળ ધિંગાણું સર્જાવવાની સ્થિતિ ઉભી થઈ હતી. વારંવાર મુસાફરો અને કોલેજીયન છાત્રોથી ધમધમતી હાઈવે ચોકડી ઉપર આ પ્રકારે મારામારીના બનાવો બની રહ્યા છે છતાં પોલીસ દ્વારા અસામાજીક તત્વોમાં કાયદાનો ડર પેદા થાય તેવા કોઈ પ્રયાસ થયા નથી જેના કારણે સામાન્ય વાતમાં પણ ટોળાં શાંતિને જોખમમાં મૂકી દેતા હોય છે.

**બે જૂથ વચ્ચે સમાધાન - પોલીસ**

રાજેન્દ્રનગર હાઈવે ચોકડી ઉપર બે દિવસ સુધી બે થના ટોળાએ તંગદિલીનો માહોલ ઉભો કર્યો હતો ત્યારે ઓ.પી.ના જમાદાર જગદીશ ચૌધરીએ જણાવ્યું હતું કે યુવાનોના બે પક્ષ વચ્ચે કોઈ વાતે બોલાચાલી થઈ હતી જેમાં સમાધાન થઈ ગયું છે.



### રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિનું તળીયું ઝાટક

# ઉત્તર ગુજરાતના ૨૦૦ શિક્ષકોને કલ્યાણનિધિની રકમ આપવાનો વિભાગનો નનૈયો....!!!!

## મૃત્યુ પામ્યા છે તેવા શિક્ષકોના પરિવારની હાલત કફોડી

બાયડ, તા.૩૧

શિક્ષક કલ્યાણનિધિ હેઠળ શિક્ષક, શિક્ષણ સહાયક અને વિદ્યા સહાયકના કિસ્સામાં આશ્રિતોને મૃત્યુ સહાય ચૂકવવામાં આવે છે પરંતુ આશ્ચર્ય વચ્ચે રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિના ખાતામાં ભંડોળ ન હોવાના કારણે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી-ગાંધીનગર દ્વારા ઉત્તર ગુજરાતના ૨૦૦ જેટલા શિક્ષકોના પરિવારને કલ્યાણનિધિની રકમ આપવાનો નનૈયો ભણતાં શિક્ષક આલમમાં ઘેરાપ્રત્યાઘાત પડયા છે. જ્યારે કલ્યાણનિધિની રકમ ઉઘરાવ્યા પછી ક્યાં જમા થઈ ગઈ ?? તેવા અણિયાળા સવાલ થઈ રહ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી-ગાંધીનગર દ્વારા શિક્ષકોના મૃત્યુના કિસ્સામાં તેઓને રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિના ખાતા મારફતે મૃત્યુ પામેલા શિક્ષકના આશ્રિતો અને પરિવારજનોને સહાયની રકમ આપવાની હોય છે. પરંતુ પાછલા ૨-૩ વર્ષથી અનેક શિક્ષકોના પિરવારને આ રકમ મળી નથી. સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાની સ્કુલોમાં તેમજ શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકોના મૃત્યુ પછી તેમના પરિવાર કે અરજદારો મારફતે રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિ હેઠળ મૃત્યુ સહાય ચૂકવવા માટેની દરખાસ્ત જે તે જિલ્લા શિક્ષણાધિકારીના અવલોકનથી ગાંધીનગર મોકલવામાં આવી હતી અને મહિનાઓ તેમજ વર્ષો વિત્યા પછી પણ મૃતક શિક્ષકના પરિવારોને સહાયની રકમ ચૂકવાતી નથી. તો કેટલાક કિસ્સાઓમાં નાયબ શિક્ષણ નિયામક-ગાંધીનગર દ્વારા કેટલાક શિક્ષણાધિકારીને પત્ર પાઠવ્યો છે કે રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિના ખાતામાં હાલ પૂરતું ભંડોળ ન હોવાના લીધે સહાય ચૂકવી શકાય તેમ નથી પરંતુ ભંડોળ ઉપલબ્ધ થયે ચૂકવણાની કાર્યવાહી આવેલ અરજીના અગ્રતાક્રમ અનુસાર હાથ ધરવામાં આવશે અને તેની જાણ સંબંધિત અરજદારને કરવા જણાવ્યું છે. શિક્ષક ભારતના ભાવિ ઘડવૈયાઓના ઘડતર માટે પોતાનું જીવન ન્યોછાવર કરી દે છે અને જ્યારે આજ શિક્ષકનું મૃત્યુ થાય ત્યારે રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિ હેઠળ મૃત્યુ સહાય મેળવવા માટે પરિવારને દર દર ભટકવું પડે તેવી દર્દનાક વિગતો ઉત્તર ગુજરાતના અનેક તાલુકાઓમાંથી સામે આવી છે. ગુજરાતની સંવેદનશીલ ભાજપ સરકાર આ મુદ્દાને ગંભીરતાથી લઈ મૃતક શિક્ષકોના પરિવારોને સત્વરે રાષ્ટ્રીય શિક્ષક કલ્યાણનિધિ હેઠળ મૃત્યુ સહાય ચૂકવે તે ઉચિત ગણાશે.

# પાલનપુર ખાતે યોજાનાર ‘માં અર્બુદા રજત જયંતિ મહોત્સવ’માં ૧૦ લાખથી વધુ ભક્તો આવવાની સંભાવના

## ૬૦૦ બ્રાહ્મણ, ૧૫૦૦ યજમાન આ મહાયજ્ઞ શાળામાં આહુતિ આપશે

પાલનપુર તા.૩૧

મા અર્બુદા રજત જયંતિ મહોત્સવમાં સૌથી મોટા યોજનારા યજ્ઞને લઈને તમામ તૈયારીઓના ભાગરૂપે આજે પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. સમગ્ર દેશમાં વસતા ચૌધરી સમાજના લોકો આ સૌથી મોટા યજ્ઞમાં દર્શન માટે આવશે ત્યારે બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ દ્વારા મા અર્બુદાના રજત મહોત્સવને લઈને આજે પ્રેસ કોન્ફરન્સ કરી તમામ માહિતીઓ આપવામાં આવી હતી.

પાલનપુર આદર્શ વિદ્યાલય ખાતે આવેલા મા અર્બુદા માતાજીના મંદિરના ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતિ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, આ રજત જયંતિ મહોત્સવમાં ૧૦૮ કુળદેવી સહસ્ત્ર ચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સૌથી મોટા યોજનાના આ યજ્ઞને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



ત્યારે આજે આ સહસ્ત્ર ચંડી ૧૦૮ કુંડી યજ્ઞ કમિટીના ચેરમેન પરથીભાઈ ભટોળ, આંજણા પટેલ કેળવણી મંડળના પ્રમુખ કેશરભાઈ ભટોળ, પૂર્વ કેન્દ્રીય ગૃહ મંત્રી હરિભાઈ ચૌધરી, અખિલ ભારતીય આંજણા સમાજના પ્રમુખ વીરજીભાઈ જુડાલ, રામજીભાઈ પટેલ સહિત સમાજનાં આગેવાનોએ આજે પ્રેસ કોન્ફરન્સમાં તમામ મીડિયાકર્મીને સમગ્ર પ્રસંગને લઈને માહિતી પૂરી પાડી હતી.

સમગ્ર ઉત્સવના કાર્યક્રમને લઈને સહસ્ત્ર ચંડી યજ્ઞ કમિટીના ચેરમેન પરથીભાઈ ભટોળે જણાવ્યું હતું કે આ યજ્ઞ માં ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી ૬૦૦ ભૂદેવો ઉપસ્થિત રહેશે જેમાં ૧૫૦૦ યજમાનોને પારંપરિક વસ્ત્રોમાં યજ્ઞ મંડપમાં આહુતિ આપશે. તેમજ બીજી ફેબ્રુઆરીએ પાલનપુર અર્બુદા માતાજી ના મંદિરથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં ચૌધરી સમાજ સહીત અઢારે આલમના ૧ લાખ જેટલા લોકો જોડાશે. પાલનપુર અર્બુદા ધામ ખાતે ૫૧ હજાર લોકો માની આરતી કરશે તેમજ સાંજના સમયે જીલ્લાના તમામ ગામોના ચૌધરી સમાજની બહેનો દ્વારા ગામેગામ મહા આરતી કરવામાં આવશે. સાથે સાથે જિલ્લામાં તમામ ગામોમાં સફાઈ અભિયાન કરવામાં આવશે.સમગ્ર દેશના દિલ્હી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કર્ણાટક, ગુજરાત, મહારાષ્ટ્ર સહિતનાં રાજ્યો માંથી ચૌધરી સમાજના લોકો આ યજ્ઞનાં દર્શન માટે આવશે.આ પ્રસંગમાં ત્રણ દિવસ ચાલનાર મહાયજ્ઞ માં તમામ સમાજના લોકો ને દર્શન કરવા માટે આમન્ત્રણ આપવામાં આવ્યું છે. અને ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં પહેલા દિવસે જ ૫ લાખ લાડુ બનાવવામાં આવશે અને તે તમામ લાડુ બનાવવામાં ચૌધરી સમાજની બહેનો જોડાશે. સાથે સાથે ત્રણ દિવસના ભોજન સમારંભ માં ચૌધરી સમાજના યુવકો અને મહિલાઓ દ્વારા ભોજન પ્રસાદ લેવા આવનાર તમામ લોકોને ભોજન પીરસશે.સમગ્ર જિલ્લાની બહેનો એકસાથે ૧ જાન્યુઆરીએ મહેંદી મૂકશે.તેમજ રાત્રિ દરમ્યાન દેશી લોકગીત સાથે ડાયરો યોજાશે.૧૦ લાખ લોકો આ પ્રસંગે આવનાર હોય કોઈને અગવડતા ના પડે તે માટે પાર્કિંગની પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં લોકોને અગવડતા ના પડે તે માટે ૨ હજારથી વધુ સ્વયં સેવકો ખડા પગે પોતાની ફરજ નિભાવશે. લાખોની સંખ્યામાં લોકો આવવાના હોઈ યજ્ઞ સ્થળ ખાતે હોસ્પિટલ પણ ઉભી કરવામાં આવશે. જેમાં સરકારી તબીબ સહીત ચૌધરી સમાજના તબીબો ખડેપગે રહેશે.શોભાયાત્રા માં પણ પારંપારિક વસ્ત્રો ઢોલ નગારા સાથે ૧૨ કિલો મીટર સુધી શોભાયાત્રા યોજાશે.બનાસકાંઠા વહીવટ તંત્ર દ્વારા પણ મહાયજ્ઞને લઈને તમામ પ્રકારની સગવડ આપવામાં આવશે. આમ પાલનપુર ખાતે યોજાનાર અર્બુદા માતાજીના રજત જ્યંતી મહોત્સવના સહસ્ત્ર ચંડી યજ્ઞ એક ઐતિહાસિક સંભારણું બની રહેશે.